**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૬/૩/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૧૮ લીટર દેશી દારૂ, ૨૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૫૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર બોટલ, ૪૯૮ બિયર ટીન ૦૧ સ્કુટર, ૦૨ ઓટોરીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૩/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૪/૧૫</u>**

**મેઘાણીનગર :** દક્ષાબહેન ધીરજભાઇ વાઘેલા (ઉ.વ.૧૭)(રહે.ન્યુ નારાયણનગર સોસાયટી, એમ.એલ.એ.ક્વૉટર્સ સામે, મેઘાણીનગર) ને તા.૨/૩/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી પિયુષકુમાર મનસુખભાઇ વાઘેલા ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ દક્ષાબહેનનાં પિતા ધીરજભાઇ વાઘેલાએ તા.૫/૩/૧૫ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.ભગોરા ચલાવે છે.

**શાહપુર :** પિન્ટુભાઇ આત્મારામ પઢીયાર (રહે.જીવણકમણશીની પોળ, હલીમની ખડકી, શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૩/૧૫ સાંજનાં ૫/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી પોતાના પુત્ર કાલુ (ઉ.વ.૦૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.જે.ગઢવી ચલાવે છે.

**<u>છેતરપીંડી -</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૫/૧૫</u>**

**સરદારનગર :** મનીષભાઇ નંદકિશોરભાઇ અગ્રવાલ (રહે."ડી"વોર્ડ, સંતરામ માર્કેટ પાસે, કુબેરનગર, સરદારનગર) એ તા.૫/૩/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા આઠેક માસથી તા.૨૮/૨/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)શંકરભાઇ નારાયણદાસ અડવાણી (૨) હરેશભાઇ નારાયણ દાસ અડવાણી (બંને રહે.ઇ વોર્ડ, દેનાબેંકની પાસે, કુબેરનગર) અને (૩) મુકેશ એચ.પંચવાણી (રહે.કુબેરનગર) એ ભેગામળી મનીષભાઇ પાસેથી ઉધાર કાપડનો માલ મેળવી તે પેટે ચુકવવાના બાકી નાણા કુલ રૂપિયા ૨૬,૨૭,૧૧૪/- નહીં ચુકવી મનીષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે . આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.ચૌધરી ચલાવે છે.

**<u>ઘરફોડ:-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૬/૧૫</u>**

**કારંજ :** પ્રશાંતભાઇ રસીકલાલ શાહ (રહે.અભિજ્યોત ફલેટ, નેહાપાર્કની બાજુમાં, સેટેલાઇટ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૦૪/૩/૧૫ સાંજના ૭/૩૦ થી તા.૫/૩/૧૫ સવારનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન કારંજ ઘી કાંટા પાર્શ્વનાથ કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની દુકાન નંબર ૩૦૬ નું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી ત્રણ ગાંસડી કાપડ, પેન્ટ નંગ-૧૦૦, ટીશર્ટ નંગ-૨૦૦ અને બે રોલ કોર્ટન કાપડ મળી કુલ કિંમત રૂપિયા ૧,૮૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પટેલ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૭/૧૫</u>**

**ઓઢવ :** સંદિપભાઇ કૌશલચંદ્ર વૈદ (રહે.શ્યામવીલા બંગ્લોઝ, વિભાગ-૧, જીમખાન બોપલ) એ તા.૫/૩/૧૫ બપોરના ૧૨/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ શ્રીરામ ઇન્ડસ્ટ્રીયલ શેડ નંબર.૧૧૮ સામે પોતાની મારૂતી વેગનઆર કાર પાર્ક કરી હતી. દરમ્યાન કારના દરવાજાનો કાચ ખોલી અજાણી વ્યક્તિ કારની ડેકીમાંથી સોનાની બે બંગડી કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- અને સોનાની બે બુટ્ટી કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રણજીતસિંહ રણછોડસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.